GJRJ040010882026

| | | |
|---|---|---|
| રજુ કર્યા તારીખ | : | ૧૧/૦૩/૨૦૨૬ |
| દાખલ તારીખ | : | ૧૧/૦૩/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | : | ૧૨/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ–માસ–દિવસ |
| | | ૦૦ – ૦૦ – ૦૧ |

નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) No.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર–VI ના 179-A અન્વયેના નોટીફીકેશન નં.સી/૨૦૦૧/૯૩, તા.૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

:: FORM-A ::

---

**ગોંડલના મ્હે. બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી સમક્ષ, મુ.ગોંડલ, જી.રાજકોટ.**

---

**કુ. ઉર્મિલા ભોમસિંહ દેવડા**
બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
મુ.ગોંડલ, જી.રાજકોટ.
**(ચુકાદાની તા.૧૨/૦૩/૨૦૨૬)**

**ફોજદારી કેસ નં.૭૨૦/૨૦૨૬**
**આંક :– ૧૮**

**ફરીયાદી : શ્રી સ ર કા ર**

**:: વિરૂદ્ધ ::**

**આરોપી : રમેશભાઈ સવજીભાઈ ગીણોયા,**
ઉ.વ.૬૦, ધંધો–નિવૃત,
રહે. 'હરી ઓમ', નવલનગર–૦૧,
મવડી મેઈન રોડ, રાજકોટ.

| :: એફ.આઇ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન :: | |
|---|---|
| **પોલીસ સ્ટેશન :** | જીલ્લો રાજકોટ ગ્રામ્ય પોલિસ મથક : સુલતાનપુર પો.સ્ટે., તા.ગોંડલ, જી.રાજકોટ ઝોન, વર્ષ–૨૦૨૬, ગુ.રજી.નં. ૧૧૨૧૩૦૯૭૨૫૦૩૩૭/૨૦૨૬, તા.૧૩/૧૦/૨૦૨૫ |
| **ગુન્હો :** | બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫, ૧૦૬(૧) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ. |
| **તહોમતનામા મુજબ તહોમત :** | બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫, ૧૦૬(૧) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ. |
| **ફરીયાદી :** | શ્રી સરકાર સ્ટેટ ઓફ ગુજરાત<br>(મુળ ફરીયાદી : ઇલાબેન જયોતિષભાઇ સાવલિયા) |
| **ફરીયાદપક્ષે વિ.એડી.પી.પી.શ્રી :** | શ્રી એ.એ.પઠાણ. |
| **આરોપી :** | **રમેશભાઇ સવજીભાઇ ગીણોયા**<br>ઉ.વ.૬૦, ધંધો–નિવૃત,<br>રહે. 'હરી ઓમ', નવલનગર–૦૧,<br>મવડી મેઇન રોડ, રાજકોટ. |
| **આરોપી તરફે વિદ્વાન વકિલશ્રી :** | વિ.વ.શ્રી ટી.એસ.વ્યાસ. |

## :: FORM-B ::

| | |
|---|---|
| **ગુન્હો બન્યા તારીખ :** | તા.૨૫/૦૯/૨૦૨૫, કલાક ૦૯:૩૦ વાગ્યે. |
| **ફરીયાદની તારીખ :** | તા.૧૩/૧૦/૨૦૨૫, કલાક ૧૮:૦૦. |
| **ચાર્જશીટની તારીખ :** | તા.૧૦/૧૨/૨૦૨૫ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ :** | તા.૧૧/૦૩/૨૦૨૬ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ :** | તા.૧૧/૦૩/૨૦૨૬ |
| **ચુકાદો રાખ્યાની તારીખ :** | તા.૧૧/૦૩/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ :** | તા.૧૨/૦૩/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો :** | ----------- |

## :: આરોપીની વિગત ::

| અ.નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિતની તારીખ | ગુનાની કલમ | શું નિદોર્ષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૪૬૮ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રમેશભાઇ સવજીભાઇ ગીણોયા | બી.એન. એસ.એસ કલમ-૩૫(૩) મુજબ નોટીસ. | -- | બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ-૨૮૧, ૧૨૫, ૧૦૬(૧) તથા એમ.વી. એક્ટ કલમ-૧૭૭, ૧૮૪ મુજબ. | નિર્દોષ | -- | -- |

## :: FORM-C ::

## :: ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોની વિગત ::

### (એ) ફરીયાદપક્ષ તરફે :-

### :: ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ::

| ક્રમ | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| **૧** | **૦૫** | ઇલાબેન જયોતિષભાઇ સાવલિયા | ફરીયાદી |
| **૨** | **૦૭** | ભારતીબેન રમેશભાઇ ગીણોયા | સાહેદ |

### (બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| - | - | - |

### (સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ / પુરાવો |
|---|---|---|
| - | - | - |

### :: ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ ::

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| **૧** | ફરીયાદ. | **૦૬** |
| **૨** | સ્થાનિક જગ્યાનું પંચનામું. | **૦૮** |
| **૩** | ઈન્કવેસ્ટ પંચનામું. | **૦૯** |
| **૪** | સ્થળ પરિક્ષણ અહેવાલ. | **૧૦** |
| **૫** | એક્સીડન્ટ રીપોર્ટ. | **૧૧** |

| | | |
|---|---|---|
| ૬ | પી.એમ. નોટ. | ૧૨ |
| ૭ | મેડીકલ સર્ટીફીકેટ. | ૧૩ તથા ૧૪ |

**બચાવપક્ષે અંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે અંકે પડેલા દસ્તાવેજો :–**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**:: મુદ્દામાલની વિગત ::**

| અ.નં. | મુદ્દામાલ પાવતી નંબર તથા તારીખ | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| – | –– | ––– |

**:: ચુ કા દો ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીના દિકરાની ડોડીયાળા ગામે સગાઈ કરેલ હોય, જેથી આરોપીની ગાડી રજી.નં.જી.જે.૦૧.આર.એફ.૬૭૧૪ વાળી લઈ જતા હોય જેમાં આરોપી પુરઝડપે અને માનવ જીંદગી જોખમાય તે રીતે બેફીકરાઈ રીતે ચલાવતા હોય અને જે વાહનમાં આરોપીના પત્ની ભારતીબેન તથા સાસુ જીવતીબેન તથા માતા દિવાળીબેન તથા આ કામના ફરીયાદી એમ બધા ડોડીયાળા ગામ જતા હતા, ત્યારે શ્રીનાથગઢ નજીક પહોંચતા પુલ આવતા, જેમાં ગાડી અચાનક ઉલળતા નીચે પડતા ટાયર ફાટી જતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા જે ગાડી ઝાડ સાથે ભટકાતા, જેમાં ફરીયાદીને જમણા હાથમાં ખંભા તથા હાથમાં ફ્રેકચર તથા મોઢાના ભાગે ટાંકા તથા શરીરે ડાબા પડખે મુંઢ ઈજા થતા લોહી મરી ગયેલ હોય તેમજ આરોપી તથા ભારતીબેન તથા જીવતીબેનને એમ ત્રણેયને મુંઢ ઈજાઓ

થતા તથા જીવતીબેનને બંને પગમાં ગોઠણના ભાગે ફ્રેકચર તથા જમણા હાથમાં અંગુઠામાં ટાંકાઓ આવતા તથા શરીરે નાની-મોટી ઈજા થતા સારવાર દરમ્યાન મરણ ગયેલ હોય, ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૮૧, ૧૨૫, ૧૦૬(૧) તથા એમ.વી. એકટ કલમ-૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોય આરોપી સામે પુરતો પુરાવો હોવાથી તેઓ સામે હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) હાલના આરોપી સામે ચાર્જશીટ દાખલ થતા ઉપરોકત ગુનાનું સંજ્ઞાન લઈ સમન્સ કરવામાં આવેલ. જે સમન્સ આરોપીને બજતા આરોપી તેઓના વકીલ સાથે હાજર થયેલ હતા. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૩૦ મુજબ હાલના આરોપીને ચાર્જશીટ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ અને ત્યારબાદ આરોપી સામે **આંક-૦૩** થી તહોમતનામું ફરમાવી, **આંક-૦૪** થી આરોપીની પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ પોતાનો ગુનો કબુલ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ અને સદર કેસ આગળ ચલાવવો હોય તેમ જણાવતા સદર કેસની આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાપક્ષના ચાલુ પુરાવા દરમ્યાન આ કામના બંને પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય, તેઓની વચ્ચે કોઈ મનદુ:ખ કે તકરાર રહેલ ન હોય, બંને પક્ષકારો દ્વારા રાજીખુશીથી તથા સ્વેચ્છાએ સમાધાન થઈ જતા, તેઓ તરફે **આંક-૧૬** થી સમાધાન પુરશીશ રજુ કરવામાં આવેલ. તે અન્વયેની ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવામાં આવેલ છે.

(૪) ઉપર મુજબના પુરાવાના અંતે મુળ ફરીયાદી તરફે પુરાવો પુરો થયાની પુરસીસ **આંક-૧૭** થી રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામના આરોપી વિરૂધ્ધના કથિત તહોમત અન્વયે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો રેકર્ડ

પર આવેલ ન હોય, આરોપીનું બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામે બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આમ, આ કામે હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.:

**:: મુદ્દા ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી ના દિકરાની ડોડીયાળા ગામે સગાઇ કરેલ હોય, જેથી આરોપીની ગાડી રજી.નં.જી.જે.૦૧.આર.એફ.૬૭૧૪ વાળી લઇ જતા હોય, જેમાં આરોપી પુરઝડપે અને માનવ જીંદગી જોખમાય તે રીતે બેફીકરાઇ રીતે ચલાવતા હોય અને જે વાહનમાં આરોપીના પત્ની ભારતીબેન તથા સાસુ જીવતીબેન તથા માતા દિવાળીબેન તથા આ કામના ફરીયાદી એમ બધા ડોડીયાળા ગામ જતા હતા, ત્યારે શ્રીનાથગઢ નજીક પહોંચતા પુલ આવતા, જેમાં ગાડી અચાનક ઉલળતા નીચે પડતા ટાયર ફાટી જતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા જે ગાડી ઝાડ સાથે ભટકાતા, જેમાં ફરીયાદીને જમણા હાથમાં ખંભા તથા હાથમાં ફ્રેકચર તથા મોઢાના ભાગે ટાંકા તથા શરીરે ડાબા પડખે મુંઢ ઇજા થતા લોહી મરી ગયેલ હોય તેમજ આરોપી તથા ભારતીબેન તથા જીવતીબેનને એમ ત્રણેયને મુંઢ ઇજાઓ થતા તથા જીવતીબેનને બંને પગમાં ગોઠણના ભાગે ફ્રેકચર તથા જમણા હાથમાં અંગુઠામાં ટાંકાઓ આવતા તથા શરીરે નાની–મોટી ઇજા થતા સારવાર દરમ્યાન મરણ ગયેલ હોય, ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૮૧, ૧૨૫, ૧૦૬(૧) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.: **(૧)** નકારમાં.

**(૨)** આખરી હુકમ મુજબ.

## :: <u>નિર્ણય માટેના કારણો</u> ::

**(૭)** અત્રે એ નોંધવુ જરૂરી બની રહે છે કે, આ કામે ફરીયાદપક્ષ તરફથી આ કામના આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનો સાબિત કરવા માટે સદર કલમોમાં જણાવ્યા અનુસારનો જરૂરી પુરાવો રેકર્ડ પર રજુ કરવાનો રહે છે તથા તે નિ:શંકપણે પુરવાર કરવો મહત્વનો બની રહે છે. જેથી રેકર્ડ પર આવેલ સમગ્ર પુરાવાની ચર્ચા / મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવેલ છે.:

**<u>:: મુદ્દા નં.૧ ની ચર્ચા :-</u>**

**(૭.૧)** મુદ્દા નં.૧ ની સાબિતીનો બોજો ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ ઉપર હોય, તે દુર કરવા આ કામે ફરીયાદપક્ષે **આંક-૦૫** થી ફરીયાદી ઈલાબેન જયોતિશભાઈ સાવલીયા, **આંક-૦૭** થી સાહેદ ભારતીબેન રમેશભાઈ ગીણોયા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નહીં હોવાથી વિ.એ.પી.પી.શ્રી એ તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા સદરહું ફરીયાદી તથા સાહેદને પોતાના પુરાવા દરમ્યાન વિ.એ.પી.પી.શ્રી દ્વારા હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદરહું ફરીયાદી તથા સાહેદની ઉલટતપાસ કરવામાં આવતા સદરહું ફરીયાદી તથા સાહેદ પોતાની સરતપાસના પુરાવાને વળગી રહેલ છે.

**(૭.૨)** આ કામના ફરીયાદી તથા સાહેદની બચાવપક્ષ તરફથી વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ. તેમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી સાથે ઘરમેળે સમાધાન થઇ ગયેલ હોય. તેમજ બનાવ વખતે આરોપી

ગાડી સામાન્ય ગતીમાં ચલાવતા હતા. તેમજ બનાવમાં આરોપીની કોઈ બેદરકારી ન હતી. છતાં ફરીયાદપક્ષની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. આમ, ઉપરોકત રજુ થયેલ મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદી તથા સાહેદને તપાસવામાં આવેલ છે. તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નહીં હોવાથી ફરીયાદપક્ષે તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેમની વધુ ઉલટતપાસ કરવા છતાં, ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી. જેથી આ કામે **આંક–૦૬** થી રજુ થયેલ ફરીયાદની હકીકત સામે શંકા ઉપસ્થિત થાય છે. આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આ કામે **આંક–૦૮** થી સ્થાનિક જગ્યાનું પંચનામું, **આંક–૦૯** થી ઈન્કવેસ્ટ પંચનામું, **આંક–૧૦** થી સ્થળ પરિક્ષણ અહેવાલ, **આંક–૧૧** થી એક્સીડન્ટ રીપોર્ટ, **આંક–૧૨** થી પી.એમ. નોટ તથા **આંક–૧૩** તથા **આંક–૧૪** થી મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ છે. પરંતુ, તેની સાપેક્ષમાં આ કામે રજુ થયેલ તપાસ કરનાર અમલદાર તેમજ પંચનામાના પંચસાહેદોને તપાસવામાં આવેલ નથી. જેથી સદર કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને પુરતુ સમર્થન મળવા પામેલ નથી. વધુમાં, આ કામે **આંક–૧૭** થી ફરીયાદપક્ષે પુરાવા પુરો થયા અંગેની કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. તેમજ અત્રે એ પણ નોંધવુ જરૂરી છે કે, આ કામે મુળ ફરીયાદી અને આરોપીને ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે અને **આંક–૧૬** થી સમાધાન પુરસીસ રજુ થયેલ છે.

(૮) આમ, ફરીયાદપક્ષે રજુ રાખેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા અને સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા, આ કામે તપાસવામાં આવેલ એકમાત્ર ખુદ મુળ ફરીયાદીએ તેમના પુરાવા દરમ્યાન ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ ન હોય તેમજ આ કામે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો એકમાત્ર પુરાવો રજુ થયેલ ન હોય, તે સંજોગોમાં હાલનો બનાવ શંકા ઉપજાવે છે અને શંકા જયારે પોતાનું સ્થાન ગ્રહણ કરે ત્યારે તેનો મહત્તમ લાભ આરોપીને આપવો જોઈએ તેવુ

આ કોર્ટનું માનવુ છે. જેથી આરોપીને તેમની સામેના આક્ષેપાયેલ તહોમતમાંથી મુકત કરવા સિવાય અદાલત પાસે કોઈ વિકલ્પ રહેતો નથી. કારણ કે, ફરીયાદપક્ષે પોતાના પગ ઉપર ઉભા રહીને પોતાના કેસની હકીકત પુરવાર કરવી જોઈએ. પરંતુ, હાલના હાથ ઉપરના કેસમાં તેવુ થયેલ હોવાનું જણાયેલ નથી અને તે તમામ સંજોગોમાં, આરોપી વિરૂધ્ધ ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય, **મુદ્દા નં.૧** નો નિર્ણય '**નકારમાં**' ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબ **આખરી હુકમ** કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) આ કામના આરોપી **રમેશભાઈ સવજીભાઈ ગીણોયા,** ઉ.વ.૬૦, ધંધો–નિવૃત, રહે. 'હરી ઓમ', નવલનગર–૦૧, મવડી મેઈન રોડ, રાજકોટ નાઓને ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૨૮૧, ૧૨૫, ૧૦૬(૧) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાના તહોમતમાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૧(એ) મુજબ ના હેતુ માટે અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–**૧૨ મી,** માહે–**માર્ચ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૦૩/૨૦૨૬
સ્થળ : ગોંડલ.

**(કુ. ઉર્મિલા ભોમસિંહ દેવડા)**
બીજા એડી. ચીફ જ્યુડી. મેજી., ગોંડલ.
**(UIC No.01259)**